૨/

તાલીમ અને IEC માટે ફાળવવામાં આવેલ રૂ.૫૦૦.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ જજઅ/૧૦/૨૦૧૯/૩૦૫૬૪૧/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૯/૦૯/૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૫/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૫૪ અને ૩૫૫ તથા તા.૦૭/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ સસુખા/યજન/નવી-બાબત/૨૦૧૯-૨૦/૩૬૨.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૬/૦૨/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃ યજન/૫૪/નવી-બાબત-૧૯-૨૦/૨૦૧૯/૪૫.

આમુખઃ-

સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS) અંતર્ગત રાજ્ય સ્તરે ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી (GSCPS), સ્ટેટ એડોપ્શન રિસોર્સ એજન્સી (SARA) અને જિલ્લા સ્તરે જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) ની રચના થયેલ છે. ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીની સંલગ્ન કચેરીઓના કર્મચારીઓ માટે તાલીમ અને IEC માટે રૂ.૪૦.૦૦ લાખનું વાર્ષિક બજેટ ફાળવવામાં આવેલ હતું. તે પૈકી કેન્દ્ર સરકારના ૬૦% લેખે રૂ.૨૪.૦૦ લાખ તથા રાજ્ય સરકારના ૪૦% લેખે રૂ.૧૬.૦૦ લાખ ફાળવવામાં આવેલ. જેમાં રાજ્યકક્ષાએથી ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન

સોસાયટી (GSCPS) દ્વારા તાલીમ કાર્યક્રમો અને IEC અને પ્રચાર-પ્રસાર માટે વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવે છે.

તાલીમ કાર્યક્રમો અને IEC માટે રાજ્ય ભંડોળમાં થયેલ બજેટની જોગવાઇ પૂરતી ન હોઇ ગુજરાત ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટીની સંલગ્ન કચેરીઓના કર્મચારીઓ માટેની તાલીમ, IEC અને પ્રચાર-પ્રસાર તથા સંસ્થાના બાળકોના પ્રેરણા પ્રવાસનું આયોજન કરવા માટે વધારાના બજેટની જરૂરીયાત રહેતી હતી. જે ધ્યાને લઇ તાલીમ, IEC અને પ્રચાર-પ્રસાર માટે ૧૦૦% રાજ્ય સરકારના ફાળા હેઠળ વધારાના રૂ.૫૦૦.૦૦ લાખનું ભંડોળ ફાળવવાની જોગવાઇ કરવા અંગે વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર થયેલ રૂ.૫૦૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧) ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંકઃ (૧)ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ભારત સરકારના ધ જુવેનાઇલ જસ્ટીસ (કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન) એક્ટ, ૨૦૧૫ અને સંકલિત બાળ સુરક્ષા યોજના (ICPS)ની માર્ગદર્શિકાનું રાજ્ય સ્તરેથી અસરકારક અમલીકરણ થાય તે માટે બાળ સુરક્ષાની કામગીરી સાથે સંકળાયેલ વિવિધ હિતધારકોની ક્ષમતા વિકસાવવા અને તેઓને સંવેદનશીલ બનાવવા તાલીમ કાર્યક્રમો યોજવા, બાળ સુરક્ષા અને બાળ અધિકાર સંબંધી જાગૃતિ વિવિધ સ્તરે ઉભી કરવા માટે અલગ અલગ માધ્યમો દ્વારા લોકોના વિચાર અને માનસિકતા બદલવામાં માહિતી, લોક જાહેર શિક્ષણ અને પ્રત્યાયનના માધ્યમથી લોકચેતના અને જાગૃતિ ઉભી કરવા તેમજ બાળ સંભાળ ગૃહોમાં રહેતા બાળકોનો સર્વાંગી વિકાસ કરવા માટે સાહસિકતા શિબિર, પ્રેરણા તાલીમ અને પ્રવાસ જેવી કામગીરી કરવા તાલીમ, IEC અને પ્રચાર-પ્રસાર માટે રૂ.૫૦૦.૦૦ લાખનો નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો**:-

(૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ઉપયોગ આ વિભાગની પૂર્વ મંજૂરી લઇને જ કરી શકાશે. આ વિભાગની પરવાનગી વગર કોઇપણ ખર્ચ કરી શકાશે નહી.

(૨) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંક એસ.પી.ઓ./૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે બાળ સુરક્ષા, બાળ અધિકારો તથા બાળ લગ્ન અટકાવવા સબંધી પ્રસાર-પ્રચારની વિવિધ પ્રવૃતિઓ/કેમ્પ/શિબિરના આયોજન અને તેનો આનુષાંગિક ખર્ચ કરી શકાશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ અને જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૦૦૧-૦૧ એસ.એસ.ડબલ્યુ-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ. વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી, (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેક્શન સોસાયટી, બ્લોક નં. ૧૯/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ.
- સર્વે કલેક્ટરશ્રીઓ. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી. (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સર્વે ડિસ્ટ્રિક્ટ ચાઇલ્ડ પ્રોટેક્શન યુનિટ (મારફતે: નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ - વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતીસહ.
- સિલેક્ટ ફાઈલ.